# *A peek into the future*

**Shantabahen Gandhi**

*Editor's Note: This article is in Gujarati. It was originally written in 1948. It has been scanned from* વીસમી સદીનું ગુજરાતી નારીલેખન (*"Vees-mi Sadee-nun Gujarati Nari-lekhan", 20th Century women's writing in Gujarati). Nikhil Desai has provided this brief description of the article.*

This essay – ભવિષ્યમાં ડોકિયું ("Bhavishya-man doki-yun", a peek into the future) – is taken from ગુજરાતણને પગલે પગલે ("Gujaratan-ne pagale pagale", along the footsteps of a Gujarati woman). It is notable for the ambition of an educated urban (Ahmedabad) woman just after India's Independence. She enthusiastically notes that the new Bombay Government (the erstwhile Bombay State included parts of current Gujarat, including Ahmedabad) has formulated laws to outlaw polygamy and permit divorce, and that the issue of bride/groom payment is also under consideration in the state legislature. She is proud that Indian women are being sent to international conferences to represent the women of India, and that new authors and performance artists are emerging, though they are still just a few in number.

She dreams of fundamental social and political changes. She dreams that families raise sons and daughters equally; that women grow up to do anything they wish for; that socialization of industry, agriculture and even household cooking – and technological changes – frees women from the burden of housework and continuous care of children. She wishes for a future of cooking, washing machines, brooms and fans, not just on electricity but on atomic energy. She says, "There is no sector of human physical or spiritual development where women are not in the forefront." And she projects a woman of the future saying "Yes, This, this is my future. A beautiful and proud future for women, built by our consciously effort. It has the equality envisaged in the ancient society, the romance and courage of the women of the middle ages, and the independence and comforts of the woman of the machine age."

23

# શાંતાબહેન ગાંધી

1917-

## ભવિષ્યમાં ડોકિયું

દિવસે દિવસે વધારે ગૂંચવાતા કોકડાથી ત્રાસી જઈને રાષ્ટ્રના નેતાઓએ માઉન્ટબેટન યોજના સ્વીકારી. ભૂત ભવિષ્યની મૂંઝવણ બે ઘડી વિસારે પાડીને દરેક ગુજરાતણ 15મી ઑગસ્ટ 1947ને દિન સ્વાતંત્ર્યઉત્સવે રમી. ત્યાર પહેલાં ધારાસભાઓમાં અને બંધારણસભામાં હંસાબહેન મહેતા, લીલાવતી મુનશી, ઇન્દુમતી શેઠ જેવી બહેનો પ્રવેશ કરી ચૂકી હતી જ.

મુંબઈ સરકાર સત્તામાં આવતાંવેંત બહુપત્નીત્વ વિરોધી કાયદો, કજોડાવિરોધી કાયદો, છૂટાછેડાનો કાયદો વગેરે જેવા કાયદાઓ ઘડીને ગુજરાતણને વહારે ધાઈ છે. કન્યાવિક્રય, ને વરવિક્રય પર પ્રતિબંધ મૂકવાની વિચારણા પણ ધારાસભામાં ચાલી રહી છે. સ્ત્રીને પુરુષ જેટલું જ મહેનતાણું મળવું જોઈએ એ સિદ્ધાંતનો તેણે સ્વીકાર કર્યો છે પણ તેને હજી કાયદાનું રૂપ મળ્યું નથી. આ રીતે શરૂઆત તો સારી થઈ છે પણ હજી ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે.

આ કાયદાઓનો પ્રચાર ગામડે ગામડે થવો જોઈએ તે હજી શરૂ થયો નથી. કૉંગ્રેસ, સમાજવાદી પક્ષ, કિસાન સભા, મજૂરસભા, સામ્યવાદી પક્ષ જેવી જનસંસ્થાઓએ આ કાર્ય હાથમાં લઈ લેવું જોઈએ. ઊડતી ઊડતી ખબર સાંભળીને પણ ગુજરાતનાં નાનાં નાનાં ગામડાંઓમાં સ્ત્રીઓના હાથ મજબૂત બન્યા હોય તેવી ખબરો સંભળાય છે.

ગુજરાતના રોજિંદા રાજકારણમાં રસ લેતી બહેનોની સંખ્યા વધી રહી છે. શિક્ષણક્ષેત્રમાં પણ કેટલીક બહેનો આગળ પડતું કામ કરે છે. શ્રી કપિલાબહેન ખાંડવાળા તો ઑસ્ટ્રેલિયા ખાતે ભરાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં હિંદ વતી ગૌરવભર્યો ફાળો નોંધાવી આવ્યાં છે. ભારતનાં નારી આંદોલનના અનુભવે ઘડેલા સ્ત્રીઓનાં મૂળભૂત અધિકારો અંગેનો ખરડો હંસાબહેન મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્ત્રીસમિતિ સમક્ષ રજૂ કર્યો, આંતરરાષ્ટ્રીય નારી આંદોલને પણ તેને આવકાર આપ્યો.

આંતરરાષ્ટ્રીય સંસ્કારપરિષદમાં શ્રી અમૃતકુંવરને હિંદના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યાં હતાં. આ રીતે, આઝાદીની લડતમાં સ્ત્રીઓએ ખુલ્લા દિલથી આપેલ ફાળાની આજે કદર થઈ રહી છે. સાહિત્યક્ષેત્રમાં લીલાબહેન મુનશી, જયમનગૌરી પાઠક ઉપરાંત

બીજી નવી લેખિકાઓ આગળ આવવા લાગી છે. પત્રકારત્વને પોતાના પેશા તરીકે સ્વીકારતી બહેનો પણ હવે ગુજરાતમાં નજરે ચડે છે. લોકનાટ્ય સંઘ, નેશનલ થિયેટર્સ આદિ અવેતનીય સંસ્કાર આંદોલન દ્વારા ઘણી ગુજરાતી બહેનોએ મુંબઈ, અમદાવાદ, ભાવનગર, સુરત જેવાં શહેરોમાં નાટકો ભજવ્યાં છે, નૃત્યો કર્યાં છે, અને ગીતો ગાઈને સૂતેલાને જગાડ્યા છે, જાગેલાને નવું જોમ આપ્યું છે. આ આંદોલનની કૂખમાં પાકેલ શ્રી દીના સંઘવી, લીલા ઝરીવાલા જેવી કેટલીક ગુજરાતી બહેનો ફિલ્મક્ષેત્રમાં પણ આવવા લાગી છે. પરંતુ એક કરોડ ગુજરાતીઓમાં આવી બહેનોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી જ છે.

રાષ્ટ્રીય આઝાદીની લડત સાથે સંકળાયેલ આપણી સ્ત્રીસ્વાતંત્ર્યની લડત પણ હજી અધૂરી જ છે. તેને નક્કર સ્વરૂપ તો ત્યારે જ મળ્યું કહેવાય કે જ્યારે ગુજરાતમાં ઘેર ઘેર પુત્રપુત્રી સમાન ધોરણે ઊછરતાં હોય, જ્યારે ઘેર ઘેર ગૃહિણીઓ ઘરકામના બોજાથી મુક્ત થઈને પોતપોતાને મનગમતું પણ સમાજને ઉપયોગી એવું કાર્ય કરી રહી હોય, જ્યારે રાષ્ટ્રની નવરચનામાં મોખરે રહેતી સ્ત્રી પોતાની કાર્યકુશળતાથી સન્માન મેળવતી હોય, જ્યારે વૃદ્ધાવસ્થામાં સર્વાંગ સંપૂર્ણ સફળ જીવનનો સંતોષ માણતી સ્ત્રી તેના જીવનકાર્યની કદર તરીકે અપાતા સરકારી પેન્શન કે ઇન્શુરન્સની મદદથી કોઈની પણ ઓશિયાળી બન્યા વિના પોતાના પુત્રપૌત્રાદિકથી ઘેરાઈને છેલ્લી વાર આંખ મીચી દેતી હોય.

માત્ર કાયદાની દૃષ્ટિએ સ્ત્રી માટે તમામ કાર્યક્ષેત્ર ખુલ્લાં મૂકવાથી આ સ્વપ્ન વાસ્તવિક જીવનમાં ઉતારી શકાશે નહિ. તે માટે તો આજની સમાજરચનામાં મૂળભૂત ફેરફારો થવા જરૂરી છે. એમ થાય તો જ સ્ત્રી આ નવી તકોનો લાભ લઈ શકે, અને તો જ તેવા સંજોગો પેદા કરીને સમાજ તેને મદદ કરી શકે. ઉદ્યોગપતિઓની દ્રવ્યલાલસા, વેપારી આલમની આપસની નિરંકુશ હરીફાઈ અને નોકરશાહીના નૈતિક અધ:પતન દ્વારા વધ્યે જતી મોંઘવારીમાં ગરીબ મધ્યમ વર્ગની ભણેલી સ્ત્રીને પણ એમ કહેવું શા કામનું કે તેને ચિત્રકળા ગમતી હોય કે વિમાનમાં ઊડવું હોય તો તને તેમ કરવાની છૂટ છે? વજન વધારવા ખાતર વેપારીએ અનાજમાં ભેળવેલ કચરો સાફ કરવામાંથી કે ધાવણાં બાળકોને અડધે પેટે ઉછેરવામાંથી જો નવરી પડે તો વાત છે ને?

નાનપણથી ભણેલી સ્ત્રી જીવનમાં કશુંક કરી જવાનાં સ્વપ્નો સેવે છે. તેની મુરાદ બર આવી શકે તેવી તૈયારીઓ દુનિયાભરના વૈજ્ઞાનિકોએ કરી રાખી છે. ગામડે ગામડે વીજળીના ચૂલાથી 15-20 મિનિટમાં રસોઈ કરી શકાય તેમ છે, વીજળીની ભઠ્ઠીમાં કપડાં ધોઈ શકાય તેમ છે, વીજળીની સાવરણીથી ઘરવખરી સાફ થઈ શકે તેમ છે. હવે તો વીજળીથી અનેક ગણી અસરકારક અણુશક્તિ માનવજાતિનો કંટાળાભર્યો અને નકામો કામનો બોજો હળવો કરવા ખડે પગે ઊભી છે. પણ – પણ ખામી છે માત્ર એ સમાજરચનાની કે જે આ મહાન શક્તિઓને માનવજાતિના વિનાશને પંથે જતી અટકાવીને તેને સામાજિક પ્રગતિને માર્ગે વાળી શકે. માતૃત્વ તેમજ નાગરિકતાની ગૌરવભરી

જવાબદારીઓ સ્ત્રી સફળતાપૂર્વક પાર પાડી શકે તેવી સગવડો કરી આપવાનું સામર્થ્ય પણ એ જ સમાજરચનામાં છે.

આજની જાગ્રત સ્ત્રી એ ઝળહળતા ભાવિ સમાજ તરફ મીટ માંડીને જ આગળ પગલાં ઉપાડી રહી છે. એ જુએ છે કે ઉત્પાદનનાં તમામ સાધનો સમાજની સહિયારી મિલકત બની ગયાં છે. અનાજ, કાપડ, વાસણકુસણ, પાઉડર, તેલ, દવા, દરેકેદરેક ચીજો નફા ખાતર નહિ પણ સમાજના ઉપયોગ ખાતર ધોધમાર પેદા થઈ રહી છે. આ કારખાનાંઓમાં અને મશીનથી ખેડાતાં સામુદાયિક ખેતરોમાં તંદુરસ્ત અને હસમુખી સ્ત્રીઓ ઉમળકાભેર કામ કરી રહી છે. વરસે વરસે તેના કામના કલાકો ઘટતા જાય છે, કારણ કે શ્રમ બચાવવાની નવી નવી શોધો થતી જાય છે. નવરાશના વખતમાં કોઈ બહેન ચિત્રકળા શીખે છે તો બીજી નૃત્યકળા; કોઈ વિમાન ઉડાડતાં શીખે છે તો બીજી ખેતીવાડીની વિદ્યાપીઠમાં ઉચ્ચતમ ઉપાધિ મેળવવા માટે અભ્યાસ કરી રહી છે. માણસના વિકાસનું ભૌતિક તેમજ આધ્યાત્મિક એવું એક પણ ક્ષેત્ર નથી કે જેમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ ન લેતી હોય.

જ્યાં જ્યાં સ્ત્રીઓ કામ કરે છે કે ભણે છે ત્યાં ત્યાં તેનાં ધાવણાં ભુલકાંઓ ઘોડિયા-ઘરોમાં કાર્યકુશળ નર્સની દેખરેખ તળે ગેલ કરી રહ્યાં છે. નાનાં બાળકો બાળમંદિરોમાં રમત સાથે સામાજિક ટેવો અને જરૂરી જ્ઞાન મેળવી રહ્યાં છે. કામ પૂરું થતાં માબાપ આ બાળકોને સાથે લઈને ઘર તરફ વળે છે. બાપુના ખભા પર બેઠેલ કે માતાની આંગળીએ ચાલતું બાળક કાલીકાલી ભાષામાં વહાલસોયાં માબાપને પોતાનાં પરાક્રમો કહી સંભળાવે છે. રસ્તામાં સામુદાયિક રસોડું આવે છે પણ આપણી ભંગાર ગંધાતી હોટલો જેવું નહિ. ત્યાં તો પાકશાસ્ત્રની ઉચ્ચતમ ડિગ્રીઓ મેળવેલ આચાર્યની દેખરેખ નીચે અનેક સુઘડ સ્ત્રીપુરુષો પોતાની શેરીના નાગરિકને જમાડવામાં રાષ્ટ્રનું સ્વાસ્થ્ય સુધારવાની જવાબદારી અને ગૌરવ અનુભવે છે.

કોઈ કોઈ વખત માબાપને સહેલગાહે જવું હોય ત્યારે બાળકને બેત્રણ દિવસ સુધી ઘોડિયાઘરમાં કે બાળમંદિરમાં પણ મૂકી શકાય છે. નવપરિણીત દંપતીને પોતાના ઘરમાં જુદું રસોડું ચલાવીને ચકાચકીનો માળો બાંધવાની હોંશ હોય તો તેને તેમ કરવાની સંપૂર્ણ છૂટ છે. પણ હળવે હળવે, ખાસ કરીને બાળક થયા પછી તે પોતાની મેળે જ સામુદાયિક રસોડા તરફ આકર્ષાવા લાગે છે. અર્થાત્ શરૂઆત તો ત્યાંથી એકાદ બે વાનીઓ કે સંપૂર્ણ ભોજનનો ડબો ઘેર લઈ જવાથી જ થાય છે! પણ મીઠું મીઠું મરકતો, રસોડાનો અનુભવી આચાર્ય જાણે છે કે ગાડું રસ્તે ચડી ગયું!

જમીપરવારીને કુટુંબ ઘેર પહોંચે છે ત્યારે તેના પાંચ ઓરડાવાળા ચોખ્ખાચણક જેવા રહેવાસમાં, અણુશક્તિથી ચાલતા પંખાઓ, ગરમ પાણીના નળવાળા બાથરૂમો, વીજળીના ચૂલાઓ અને જીવને શાંતિ અને આનંદ આપે તેવી દરેકેદરેક સગવડ ત્યાં હાજર છે. થોડી વાર વાતચીતમાં જાય પછી સૌ પોતપોતાના મનોરંજનના માર્ગે ચડી જાય. અઠવાડિયામાં એક વખત કુટુંબની સુંદર મોટરમાં બેસીને માતા સ્ત્રીમંડળની સભામાં

હાજરી આપે છે. બાળક વિદ્યાર્થીમંડળની અને બાપ તેના ટ્રેડ યુનિયનની. આ ઉપરાંત નાનાંમોટાં અનેક સામાજિક કાર્યો રાષ્ટ્રના દરેક કુટુંબની માફક આ કુટુંબ પણ કરે રાખે છે, કારણ કે આ તો એક સર્વસાધારણ કુટુંબની જ વાત છે.

આ નવા સમાજમાં ઊંચનીચનો ભેદ નથી. કોઈ ગરીબ નથી કે નથી કોઈ તવંગર. સૌ પોતાથી થઈ શકે તેટલું કામ હોંશે હોંશે કરે છે, કારણ કે મનગમતું કામ કરવામાં સૌને આનંદ પડે છે અને તેવું કામ જ તેને સોંપવામાં આવે છે. એ કાર્ય કરીને દરેકેદરેક નાગરિકને (અર્થાત્ સ્ત્રીપુરુષ વચ્ચે અહીં ભેદ નથી એ તો દેખીતું જ છે) પોતાને જોઈએ તેવી અને તેટલી ચીજો મળી રહે છે.

આ નવજીવનના ઝળહળતા પ્રકાશથી પ્રગતિને પંથે કૂચ કરતી સ્ત્રીની આંખમાં હરખનાં આંસુ આવી જાય છે. તેનાથી બોલાઈ જવાય છે.

'હા, આજ-આજ છે મારું ભાવિ. અમારા જાગ્રત પ્રયાસ વડે ઘડાતું નારીજાતિનું સુંદર ગૌરવવંતું ભાવિ. એમાં આદિસમાજની પુરુષસમોવડી નારીની સમાનતા છે, મધ્યકાલીન નારીના પ્રેમશૌર્ય છે, અને યંત્રયુગની નારીની સુખસગવડભરી સ્વતંત્રતા છે. ભૂતકાળનાં સુંદરતમ તત્ત્વો પર રચાયેલ અમારા આ ઉજ્જ્વલ ભાવિને પહોંચવા અમે શું શું નહિ કરીએ?'

'ગુજરાતણને પગલે પગલે' (1948)